# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-08-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. સુરેન્દ્રનગર અમદાવાદ હાઇવે પર બે કાર વચ્ચેના અકસ્માતમાં એક જ પરિવારના સાતનાં મોત
2. રાજ્યમાં સતત બીજા દિવસે પણ મેઘમહેર - બાર કલાકમાં 168 તાલુકાઓમાં વરસાદ વરસતા ખેતીને જીવતદાન
3. રાજ્ય પર પાંચમી સિસ્ટમ સક્રિય થતાં આગામી સાત દિવસ દરમિયાન ભારે વરસાદની આગાહી
4. બે એક્સપ્રેસ ટ્રેનના સ્ટોપેજ સાથે દેશના અન્ય શહેરો સાથે હવે ઉંઝાનું જોડાણ વધશે
5. રાજકોટના લોકમેળામાં કૃત્રિમ બુદ્ધિમત્તાના અદ્યતન અભિગમ દ્વારા ક્રાઉડ મેનેજમેન્ટનો પ્રયોગ

-------------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SURENDRANAGAR-ACCIDENT

સુરેન્દ્રનગરના કોઠારીયા નજીક વઢવાણ અમદાવાદ હાઇવે પર દેદાદરા અને જમર ગામ વચ્ચે ગોઝારો અકસ્માત સર્જાતા એક જ પરિવારના 7 સભ્યોના મોત થયા છે. અમારા સુરેન્દ્રનગરના પ્રતિનિધિ દિનેશ પરમાર જણાવે છે કે બે કાર અથડાયા બાદ  કારમાં આગ લાગી હતી.. જોતજોતામાં કાર બળીને ખાખ થઇ ગઈ હતી. લખતર તાલુકાના કડુ ગામેથી સુરેન્દ્રનગર તરફ જતા પરિવારને આ આકસ્માત થયો હતો.. અકસ્માતની જાણ થતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને મૃતદેહોને સુરેન્દ્રનગર હોસ્પિટલ ખાતે પહોંચાડવાની તજવીજ હાથ ધરી હતી. સાંભળીએ અમારા પ્રતિનિધિને ...

(વોઇસ કાસ્ટ - દિનેશ પરમાર, સુરેન્દ્રનગર )

-------------

# CM VARSHA YOG

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે અમદાવાદ આધ્યાત્મિક વર્ષાયોગ 2025માં સહભાગી થયા હતા. મુખ્યમંત્રીએ ભારતની પ્રાચીન ભાષા એવી પ્રાકૃત ભાષાના ગ્રંથનું વિમોચન કર્યું હતું અને પ્રાકૃત ભાષાના જ્ઞાની આચાર્ય સુનિલ સાગરજીને પ્રાકૃત પ્રભાકરની વિશિષ્ટ ઉપાધિ એનાયત કરી તેમનું સન્માન કર્યું હતું.

( બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી )

પ્રાકૃત ભાષાને નેશનલ ક્લાસિક્લ લેંગ્વેજ જાહેર કરીને પ્રાકૃત ભાષા નું ઉચિત ગૌરવ થયું હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

(બાઇટ- સુનિલ સાગર, આચાર્ય)

-------------

# WEATHER OVERALL

રાજ્યભરમાં આજે પણ બીજા દિવસે પણ મેઘમહેર યથાવત રહી હતી.. સવારના છ થી સાંજના છ વાગ્યા દરમિયાન 168 તાલુકામાં વરસાદ વરસ્યો હતો. જેમાં રાજકોટના ધોરાજીમાં 3 ઇંચ જેટલો, અને જૂનાગઢના માળિયા હાટીનામાં અઢી ઇંચ જેટલો વરસાદ વરસ્યો છે.

તો બનાસકાંઠાના ધાનેરામાં બે કલાકમાં પોણા બે ઇંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

ભાવનગરના શિહોરમાં મુશળધાર વરસાદ વરસ્યો છે. 20 દિવસના વિરામ બાદ વરસાદ થતાં ખેડૂતો માં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. તો તાપી જિલ્લાના વ્યારામાં પણ લાંબા સમય બાદ વારસાદ વરસતા ખેડૂતો અને લોકોમાં ખુશી વ્યાપી ગઈ છે. છોટાઉદેપુરના ઘણા વિસ્તારોમાં આજે છૂટોછવાયો વરસાદ પડી રહ્યો છે.

કચ્છ જિલ્લામાં આજે બીજે દિવસે પણ ભારે વરસાદ વરસી રહ્યો છે.

મહીસાગર જિલ્લાના લુણાવાડા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદનું આગમન થતાં ડાંગર સહિત અનેક પાકોને જીવતદાન મળ્યું છે.

અમને હમણાં મળતાં સમાચાર મુજબ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર અને ખંભાળિયામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. બીજી બાજુ ભાટિયા શહેરમાં  વીજળના કડાકા સાથે ભારે વરસાદ વરસતાં બજારોમાં પાણી ભરાયા છે.

------------

# WATHER FORECAST

હવામાન વિભાગ દ્વારા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. અને માછીમારોને પણ આગામી 21 ઑગસ્ટ સુધી દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી છે.

અત્યાર સુધી રાજ્યમાં 4 સિસ્ટમ સક્રિય હતી. આજે નવી લો પ્રેશર સિસ્ટમ પણ સક્રિય થતા આગામી દિવસોમાં રાજ્યમાં વરસાદનું જોર રહેશે.

આવતીકાલે રાજ્યના પોરબંદર, જુનાગઢ, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં છુટા છવાયા સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું હોવાનું હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું હતું.

(બાઇટ- પ્રદીપ શર્મા, હવામાન વિભાગ )

-------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

## DANG BRIDGE CLOSSED

ડાંગ જિલ્લાનો ધવલીદોડ-ધુડા-પીપલાઈદેવી રોડ ઉપરનો માઈનોર બ્રિજ ભારે કોમર્શિયલ વાહનો માટે વધુ એક માસ માટે બંધ કરાયો. ડાંગના જિલ્લા મેજીસ્ટ્રેટ શાલિની દુહાન દ્વારા જારી કરાયેલા એક જાહેરનામા અનુસાર ડાંગ જિલ્લા પંચાયતના માર્ગ અને મકાન વિભાગ હસ્તકના આ બ્રિજનુ તાંત્રિક તજજ્ઞો દ્વારા નિરીક્ષણ કરાયા બાદ તેમના અહેવાલ અનુસાર આ બ્રિજ પુઅર કેટેગરીમા જણાતા તેને વધુ એક માસ માટે બંધ કરાયો છે. આ માર્ગના વૈકલ્પિક માર્ગ તરીકે ધુડા થી હિંદળા થઈ પીપલાઈદેવી માર્ગ સુચવવામા આવ્યો છે.

-------------

# UNJHA STOPEG

ઉંઝાને દેશના અન્ય સ્ટેશનો સાથે જોડતાં અજમેર-મૈસુર એક્સપ્રેસ અને લાલગઢ-દાદર રણકપુર એક્સપ્રેસ ટ્રેનોના ઉંઝા સ્ટેશન પર સ્ટોપેજનનો આજથી આરંભ થયો છે. બે સાંસદો અને ધારાસભ્યોએ ટ્રેનોને લીલી ઝંડી આપી હતી. અમૃત ભારત સ્ટેશન યોજના હેઠળ ઊંઝા રેલ્વે સ્ટેશનનો આધુનિક રીતે પુનઃવિકાસ કરવામાં આવી રહ્યો છે.

આ પ્રોજેક્ટ હેઠળ, સ્ટેશનની માળખાગત સુવિધાઓ અને મુસાફરોની સુવિધાઓ સુધારવા માટે આ સ્ટોપેજનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. અત્યાર સુધી ઊંઝા સ્ટેશન પર 26 ટ્રેનો રોકાતી હતી, જે વધીને હવે 30 થશે. આ બે ટ્રેનોના સ્ટોપેજ સાથે, ઊંઝા અને નજીકના વિસ્તારોના મુસાફરોને અજમેર, જયપુર, અમદાવાદ, પુણે, બેંગલુરુ, મૈસુર, દાદર અને લાલગઢ જેવા દેશના મુખ્ય શહેરો સાથે સીધી અને અનુકૂળ રેલ કનેક્ટિવિટી મળશે.

-------------

# SAURASTR MELO

સૌરાષ્ટ્રભરમાં મેળા મહાલવા હજારોની સંખ્યામાં લોકો ઉમટી રહ્યાં છે. ત્યારે મેળાઓમાં કૃત્રિમ બુદ્ધિમત્તા એટલે AI નો પણ ઉપયોગ થઇ રહ્યો છે. રાજકોટમાં પણ લોકમેળામાં હજારોની સંખ્યામાં લોકો ઉમટી રહ્યાં છે અને મેળાની મજા માણી રહ્યાં છે. આ વખતે રાજકોટમાં ક્રાઉડ

મેનેજમેન્ટનો નવતર પ્રયોગ કરાયો હતો.. આ પ્રયોગ અંગે એઆઇ એક્સપર્ટ કિશન બાટવિયાએ વધુ  માહિતી આપી.

**(બાઇટ- કિશન બાટવિયા એ આઇ એક્સપર્ટ )**

પોરબંદરમાં જન્માષ્ટમીના તહેવારો પર મહાનગરપાલિકા દ્વારા પાંચ દિવસ માટે લોકમેળો જાહેર કરાયો છે, આજે નોમના દિવસે આ મેળામાં લોકોની ભારે ભીડ જામી હતી, અને લોકમેળાનો આનંદ માણ્યો હતો.. પોરબંદરમાં જિલ્લાના ગામડાઓ ઉપરાંત જામનગર, રાજકોટ અને જૂનાગઢ જિલ્લાના ગામડાઓમાં રહેતા લોકો પણ ઉમટી પડે છે. મેળો માણવા આવેલા મુલાકાતીએ કહ્યું હતું કે મેળો જોઇને ખૂબ આનંદ થયો.

**(બાઈટ – મિલન પાણખાનિયા, સ્થાનિક)**

રાજકોટના જેતપુરમાં પણ સાતમ આઠમના મેળામાં લોકો ઉમટી પડ્યા હતા. વૈવિધ્યસભર રાઇડ્સ અને ખાણી પીણીનો આનંદ માણી રહ્યાં છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના નાના મોટા શહેરો અને નગરોમાં મેળાઓની લોકો મજા લઇ રહ્યાં છે.

------------

# RAJKOT SHAURY SINDOOR MELO

પોલીસ વિભાગ પાસેના આધુનિક શસ્ત્રોથી માહિતગાર થાય તેવા આશય સાથે પોલીસ વિભાગ દ્વારા રાજકોટના રેસકોર્સ ખાતે આયોજીત "શૌર્યનું સિંદૂર" લોકમેળામાં શસ્ત્ર પ્રદર્શન યોજવામાં આવ્યું છે.

આ શસ્ત્ર પ્રદર્શનમાં ૧૯મી સદીની મશીન ગનથી લઈને એલ.એમ.જી., ઇન્સાસ રાયફલ, સ્નાઈપર સહિતના ૩૦થી વધુ શસ્ત્રો પ્રદર્શિત કરાયાં છે.

"શૌર્યનું સિંદૂર" લોકમેળામાં ઉભા કરવામાં આવેલા સ્ટોલમાં પોલીસ વિભાગના આશરે ૨૫ જેટલા કર્મયોગીઓ સ્ટોલના આ શસ્ત્ર પ્રદર્શનમાં રાખવામાં આવેલા શસ્ત્રોથી લોકોને માહિતગાર કરી રહ્યા છે.

આ શસ્ત્ર પ્રદર્શન સ્ટોલમાં બે સ્નાઈપર, લાઇટ મશીન ગન, મશીન પિસ્તોલ, ઇન્સાન રાયફલ, એસ.આઈ.જી. સોર સહિતના હથિયારો, વિવિધ સાઈઝની બુલેટ્સ, ૧૯મી સદીની અંગ્રજોના શાસનકાળની ૩૦૩ મેકીસમ મશીન ગન, સ્પીડ ગન, બોમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્ક્વોડના વિવિધ સાધનો પ્રદર્શિત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત આ શસ્ત્ર પ્રદર્શનની સાથે લોકોમાં ટ્રાફિકના નિયમનું જ્ઞાન તથા જાગૃતિ આવે તે માટે  હેલ્મેટ જાગૃતિ અને ટ્રાફિકના નિયમોની પોસ્ટર્સ, પેમ્ફલેટ દ્વારા વિસ્તૃત સમજણ આપવામાં આવી રહી છે. એટલું જ નહીં પરંતુ હેલ્મેટ ડ્રાઇવને વેગ મળે તે માટે "હેલ્મેટ ડ્રાઇવ" અને  "પોલીસ વર્દી" ના સેલ્ફી પોઇન્ટ પણ ઊભા કરવામાં આવ્યા છે, જે બાળકો અને યુવાનો માટે આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.

-------------

# BHARUCH CORONA DEATH

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના માટીએડ ગામ ખાતે રહેતા 60 વર્ષીય વૃદ્ધામાં કોરોનાના લક્ષણ જણાતા તેઓને ગત 12મી ઓગસ્ટે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા,

જ્યાં તેમનો રિપોર્ટ કોરોના પોઝીટીવ હોવાનું બહાર આવ્યું હતું. વૃદ્ધાનું સારવાર દરમિયાન  આજે કોરોનાના કારણે નિધન થયું હતું. આથી તેઓના મૃતદેહને નર્મદા નદી કિનારે બનાવવામાં આવેલ સ્પેશિયલ કોવિડ સ્મશાનમાં કોવિડ પ્રોટોકોલના પ્રમાણે તેમના અંતિમ સંસ્કાર કરાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે વૃદ્ધે કોરોનાની રસીના બે બુસ્ટર ડોઝ લીધા ન હતા.

-------------